# આજે અચ્છે દિનની કુંડળી મંડાશે

નવી દિલ્હી,તા. ૯

નાણાપ્રધાન અરૂણ જેટલી આવતીકાલે સામાન્ય બજેટ લોકોની અપેક્ષાઓ વચ્ચે રજૂ કરનાર છે. મધ્યમ વર્ગ અને અન્ય સમુદાયના લોકોને કેટલી રાહતો મળે છે તેના ઉપર તમામની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. અરૂણ જેટલી ટેક્સ સ્લેબમાં સુધારો કરી શકે છે. સાથે સાથે પગારદાર વર્ગને ખુબ જ જરૂરી એવી રાહત આપવાના હેતુસર વાર્ષિક આવકવેરા મુક્તિ મર્યાદામાં વધારો કરી શકે છે. સંરક્ષણ , આરોગ્ય, કૃષિ, શિક્ષણ જેવા ક્ષેત્રો માટેની જોગવાઈમાં વધારો કરી શકે છે. વર્તમાન સ્થિતીને ધ્યાનમાં લેતા જેટલી પાસે વધારે વિકલ્પ નહી હોવા છતાં સામાન્ય લોકોને અચ્છે દિન આનેવાલે હે તેનો અનુભવ કરાવાવા ચોક્કસ પણે પગલા હશે. ડ્યુટી માળખામાં ફેરવાર થવાની શક્યતા છે.શેરબજાર, ઉદ્યોગ જગત અને સામાન્ય લોકોની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. કઇ ચીજ સસ્તી થાય છે અને કઇ ચીજ મોંઘી બને છે તે બાબત મહત્વપૂર્ણ રહેશે. ૨૦૧૪-૧૫ માટેનું બજેટ નવી ભાજપ સરકાર રજૂ કરનાર છે. મોંઘવારીથી પરેશાન સામાન્ય લોકો, વિકાસની ઘટતી ગતિ, મૂડીરોકાણની સ્થિતિ, ઉંચી નાણાંકીય ખાધ, વિદેશી કટોકટી જેવા પરિબળો વચ્ચે આ બજેટ રજૂ કરવામાં આવનાર છે. મૂડીરોકાણને પ્રોત્સાહન આપવા જેટલી ઉદ્યોગ માટે ટેક્સ રાહતો જાહેર કરે તેવી શક્યતા છે. સોનાની આયાત ઉપર ડ્યુટી ઘટાડવામાં આવે તેવી શક્યતા છે. ઓછા વરસાદની સ્થિતિમાં ખેડૂતોને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે પણ પગલા લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સરકાર બજેટમાં પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડની રચના કરવાની જાહેરાત કરી શકે છે. ભાજપના ચૂંટણી ઢંઢેરામાં આ મુજબની વાત કરવામાં આવી હતી. વિદેશી મૂડીરોકાણ કારો માટે પણ કેટલાક નવા પગલાની જાહેરાત થઈ શકે છે. ધુમ્રપાન કરનાર લોકો ઉપર તવાઈ લાવવાના હેતુસર ઘણી જાહેરાતો થઈ શકે છે જેના ભાગરુપે સિગારેટ ઉપર એક્સાઈઝ ડ્યુટી અને તમાકુ પેદાશો ઉપર એક્સાઈઝ ડ્યુટીને વધારવામાં આવે તેવી શક્યતા છે. સરકાર વાર્ષિક ૧૦ કરોડથી વધુની કમાણી કરનાર લોકો ઉપર ઉંચા ટેક્સ લાગૂ કરી શકે છે. ભારતીય કંપનીઓ બજેટ પહેલાની વાતચીત દરમિયાન પોતાની યાદી સુપ્રત કરી શકે છે. બજેટમાં જેટલી ટેક્સ સુધારાની જાહેરાત પણ કરી શકે છે. કેન્દ્રિય બજેટ આડે હવે ગણતરીના દિવસો રહ્યા છે. તમામ સંબંધિત ક્ષેત્રો દ્વારા પોત પોતાની માંગણી નાણાં મંત્રાલય સમક્ષ કરી દેવામાં આવ્યા બાદ તેમની કેટલી માંગ પૂર્ણ થાય છે તેના પર તમામની



નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ૧૦ લાખ કરોડનુ માર્કેટ કદ ધરાવનાર મ્યુચ્યુઅલ પંડ ઉદ્યોગ દ્વારા પણ તેની માંગણી કેન્દ્રિય બજેટ પહેલા નાણાં પ્રદાન અરૂણ જેટલીને મોકલી દેવામાં આવી હતી. એમએફ દ્વારા કેટલીક મહત્વની માંગ આ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી હતી. મ્યુચ્યુઅલ ફંડ દ્વારા જે મહત્વપૂર્ણ માંગ કરવામાં આવી છે તેમાં ૫૦૦૦૦ રૂપિયાથી વધુ અને એક લાખથી ઉપરના વધારાના ટેક્સ લાભ સાથે એમએફ લિન્કન્ડ રિટાયરમેન્ટ પ્લાન શરૂ કરવાની માંગનો સમાવેશ થાય છે. છે. આનો મુખ્ય હેતુ મુડી બજાર માટે પરિવારની બચતને વધારવાનો છે. એમએફ દ્વારા અન્ય એક મહત્વની માંગ કરવામાં આવી છે જેમાં ઈન્સ્યોરન્સ કંપનીના ફંડને મેનેજ કરવા એસેટ મેનેજમેન્ટ કંપનીઓને મંજૂરી આપવાની બાબતનો સમાવેશ થાય છે. ઉપરાંત ઈક્વિટી લક્ષી ફંડ અને એક્સચેંજ ટ્રેડ ફંડ પર સિક્યુરિટી ટ્રાન્ઝીકશન ટેક્સના ડબલ ટેક્સેક્શનને દુર કરવાની બાબતનો સમાવેશ થાય છે. એનઆરઆઈ અને બ્રોકરેજ પેમેન્ટ પર એમએફ ડિવિડન્ડઅને કેપિટલ ગેઈનસ પર ટીડીએસ મુક્તિનો સમાવેશ થાય છે. તમામ એમએફમાં જાહેર ક્ષેત્રના એકમ દ્વારા રોકાણની માંગ પણ સામેલ છે.સરકાર ડિફેન્સ સહિતના જુદા જુદા ક્ષેત્રોમાં એફડીઆઈને પ્રોત્સાહન આપવા માટેની પણ કેટલીક જાહેરાત કરે તેવી શક્યતા છે. ઈન્કમ સ્લેબમાં વધારો કરવાની ગણતરી ચાલી રહી છે. હાલમાં બે લાખ સુધીની આવક પર કોઈ ટેક્સ નથી. પ્રાઈસ વોટર હાઉસ કુપરે કહ્યું છે કે ઈન્કમ ટેક્સ પર મુક્તિ મર્યાદાને વધારીને ત્રણ લાખ સુધી કરવામાં આવી શકે છે. કેટલાક નિષ્ણાંતો માની રહ્યા છે કે ઈન્કમ ટેક્સ સ્લેબમાં કોઈ વધારો કરવાતી ટેક્સ આવક ઘટી જસે અને નિકાલ આવકમાં વધારો થશે. આ હિલચાલના કારણે ભારતીય અર્થતંત્ર જ્યારે મુશ્કેલ તબક્કામાં છે ત્યારે ખર્ચમાં વધારો થઈ જશે. ભારતીય અર્થતંત્ર છેલ્લા ૨૫ વર્ષમાં સૌથી ગંભીર સ્થિતીનો સામનો કરી રહ્યું છે. સરકાર માટે પર્સનલ ઈન્કમ ટેક્સ મહેસુલી આવક ઉભી કરવાના મુખ્ય સોર્સ તરીકે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં જીડીપીમાં ઈનકમ ટેક્સનુ યોદાગાન ૨.૧ ટકા રહ્યું હતુ.

## કઈ રાહત મળી શકે......

- ટેક્સસ્લેબમાં વધારો કરવાની તૈયારી
- આવકવેરા પર મુક્તિ મર્યાદા ત્રણ લાખ કરવામાં આવી શકે છે
- ઈન્કમટેક્સ એક્ટની કલમ ૮૦-સી હેઠળ ડિડ્કશન લીમીટમાં વધારો કરવામાં આવી શકે છે
- ડિડ્કશન લીમિટને વધારીને એક લાખના બદલે બે લાખ કરાશે
- હાઉસીંગ લોન વ્યાજ માટે મુક્તિ મર્યાદામાં પણ વધારો કરાશે, હાલમાં પ્રોપર્ટી માટે હોમ લોન ઉપર ૧.૫૦ લાખ સુધી વ્યાજ ટેક્સ મુક્ત છે
- મર્યાદાને ચારથી પાંચ લાખ કરવામાં આવી શકે છે
- મેડિકલ ભથ્થામાં પણ સુધારો કરવામાં આવશે
- વ્યક્તિગતો જેની કમાણી એક કરોડથી વધારે છે તેમને ૧૦ ટકાનો સરચાર્જ લાગુ પડે છે

# ક્લોઝ હવે વિશ્વ કપમાં સૌથી વધુ ગોલ ફટકારનાર ખેલાડી

બેલોહોરિજોન્ટે,તા. ૯

ફીફા વર્લ્ડ કપમાં બ્રાઝિલને



જર્મનીએ કચડી નાંખીને ફાઈનલમાં કુચ કરી છે. આની સાથે સાથે સ્ટાર ખેલાડી જર્મનીના મિરોસ્લાવ ક્લોઝે પણ બે નવા રેકોર્ડ પોતાના નામ પર કર્યા છે. બ્રાઝિલના સુપરસ્ટાર રોનાલ્ડોએ વિશ્વ કપમાં કરેલા ૧૫ ગોલનો રેકોર્ડ હવે ક્લોઝે તોડી દીધો છે. આજે રમાયેલી મેચમાં બ્રાઝિલ સામે ગોલ કરીને ક્લોઝે ૧૬મો ગોલ વર્લ્ડમાં કર્યો હતો. આની સાથે જ તે વિશ્વ કપના ઈતિહાસમાં સૌથી વધારે ગોલ કરનાર ખેલાડી બની ગયો છે. સાથેસાથે વિશ્વ કપના ઈતિહાસમાં ચાર વખત સેમીફાઈનલમાં રમનાર ખેલાડી પણ બની ગયો છે. ક્લોઝની ગણતરી વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓમાં હમેંશા કરવામાં આવે છે ૩૫ વર્ષીય ક્લોઝ જર્મનીમાં વર્ષ ૨૦૦૬માં વિશ્વ કપમાં ગોલ્ડન બુટ વિજેતા રહ્યો હતો. તે પાંચ ગોલ કરવામાં સફળ રહ્યો હતો. એકીકરણ બાદથી જર્મની વતી આ સફળતા મેળવનાર તે એકમાત્ર ખેલાડી છે. વર્ષ ૨૦૦૨ના તેના પ્રથમ વિશ્વ કપમાં તે પાંચ ગોલ કરવામાં સફળ રહ્યો હતો. આ તમામ પાંચેય ગોલ હેડર્સ મારફતે કર્યા હતા. તે ચાર વિશ્વ કપમાં પોતાની ટીમ તરફથી રમી ચુક્યો છે.આ વખતે તે પાંચમા વિશ્વ કપમાં રમી રહ્યો છે. ટોપ ફીફા વર્લ્ડ કપ ગોલ સ્કોર કરનારમાં તે સામેલ રહ્યો છે. બે જુદા જુદા વર્લ્ડ કપમાં પાંચ ગોલ કરનાર તે એકમાત્ર ખેલાડી છે. ક્લોઝેનવમી જુન ૨૦૧૧ના દિવસે લાઝિયો સાથે ત્રણ વર્ષનો કોન્ટ્રાક્ટ કર્યો હતો. વર્ષ ૨૦૧૨માં લાઝિયો માટે તે પ્રથમ ગોલ કરવામાં સફળ રહ્યો હતો.ક્લોઝ પોતાની ટીમ તરફથી સતત ગોલ કરતો રહ્યો છે. ક્લોઝને પણ પોલેન્ડ તરફથી રમવા માટે કહેવામાં આવ્યું હતુ. પરંતુ તે ઈન્કાર કરીને જર્મન માટે રમવા તૈયાર થયો હતો. ૨૦૦૧માં તેને પોલેન્ડ વતી રમવા માટે ઓફર કરવામાં આવી હતી.

ક્લોઝે અલબાનિયા સામે વિશ્વ કપ ક્વાલિપાયરમાં રમીને કેરિયરની શરૂઆત કરી હતી. ૨૪મી માર્ચ ૨૦૦૧ના દિવસ તે પોતાની પ્રથમ મચ રમ્યો હતો.

## આર્થિક સર્વે : હાઈલાઈટ્સ

સામાન્ય બજેટના એક દિવસ પહેલા નાણા પ્રધાન અરુણ જેટલીએ આજે લોકસભામાં આર્થિક સર્વે રજૂ કર્યો હતો જેમાં દેશનું આર્થિક ચિત્ર રજૂ કરવામાં આવ્યું હતું. આર્થિક સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, સર્વિસ સેક્ટર દેશમાં સૌથી મોટા ઉભરતા ક્ષેત્ર તરીકે છે. આર્થિક સર્વે હાઈલાઈટ્સ નીચે મુજબ છે.

- દેશમાં વિદેશી હુંડિયામણ ભંડોળ માર્ચ ૨૦૧૪ના અંતમાં વધીને ૩૦૪.૦૨ અબજ ડોલર
- ૨૦૧૩-૧૪ના નાણાંકીય વર્ષમાં વેપાર ખાદમાં ઝડપથી ઘટાડો થયો
- વર્ષ ૨૦૧૩-૧૪માં સેવા ક્ષેત્રમાં એફડીઆઈ ૩૭.૬ ટકા વધીને ૬.૪ અબજ ડોલર સુધી પહોંચ્યો
- એફડીઆઈના ક્ષેત્રમાં કુલ રોકાણ વૃદ્ધિદરનો આંકડો ૬.૧ ટકા રહ્યો
- સર્વેમાં સર્વિસ ક્ષેત્ર દેશના બીજા સૌથી મોટા ઉભરતા ક્ષેત્ર તરીકે હોવાનો દાવો કરાયો
- જીડીપી વૃદ્ધિદર ૫.૪ ટકાથી ૫.૯ ટકા રહેવાનો અંદાજ
- સબસિડીમાં ઘટાડો થવાના સંકેત
- ઉત્પાદનમાં સુધારાની આશાનો ઉલ્લેખ
- પીડીએસ સિસ્ટમની સાથે ટેક્સને વધુ સરળ બનાવવાની જરૂર
- ભારતનો વિકાસદર ૫.૩ ટકા રહેવાનો અંદાજ
- નાણાંકીય મજબૂતિ માટે સબસિડી સુધારાની જરૂર
- નાણાંકીય મજબૂતિ માટે ટેક્સથી જીડીપી રેસિયોને વધારવાની ભલામણ
- વિદેશી દેવું હજુ પણ પહોંચી શકાય તેવી મર્યાદામાં છે
- જીડીપી વિકાસદરનો અંદાજ યોગ્ય રીતે રજૂ કરાયો
- ખરાબ મોનસુન અને વિદેશી પરિબળોના કારણે આર્થિક વિકાસને અસર થશે
- હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ ફુગાવો ૨૦૧૪ના અંત સુધી સુધરશે
- સરકારને નાણાંકીય મજબૂતિ મારફતે સ્થિર ફુગાવા અને નીચા ફુગાવા તરફ આગળ વધવાની જરૂર
- કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ ફુગાવામાં સુધારના સંકેત
- ખાદ્યાન્ન ચીજવસ્તુઓ માટે સ્પર્ધાત્મક રાષ્ટ્રીય માર્કેટ સ્થાપિત કરવાની જરૂર
- ખાદ્યાન્ન ચીજવસ્તુઓ અને ખાતર જેવી ચીજવસ્તુઓની સબસિડીને તર્કસંગત બનાવવાની જરૂર
- પ્રાઈઝ સબસિડીથી હવે સબસિડી પ્રોગ્રામ તરફ આગળ વધવાની જરૂર
- સરળ ટેક્સ વ્યવસ્થાની દિશામાં આગળ વધવાની જરૂર
- ઓછી ટેક્સ મુક્તિ આપવાની તરફેણ કરાઈ
- સરકારને ચીજવસ્તુઓ અને સર્વિસ ટેક્સના એક સમાન ટેક્સની જરૂર

## હાલ અર્થતંત્ર ૨૫ વર્ષમાં સૌથી ગંભીર સંકટમાં છે

નવી દિલ્હી,તા. ૯

નાણાં પ્રધાન અરૂણ જેટલી આવતીકાલે સામાન્ય બજેટ રજૂ કરનાર છે ત્યારે તેમની સામે દેશના અર્થતંત્રને પાટા પર લાવવાની સાથે સાથે સામાન્ય લોકોને કેટલાક મોરચે રાહત આપવાનો પણ પડકાર રહેશે. આ તમામ પડકારોમાંથી જેટલી કઈ રીતે બહાર નિકળે છે તે બાબત તેમના માટે ઉપયોગી રહેશે. સરકાર પાસે ટેક્સ વસુલાતમાં ઘટને પહોંચી વળવા મહેસુલી આવક વધારવા માટે વધારે વિકલ્પ નથી. સાથે સાથે ભારતીય અર્થતંત્ર છેલ્લા ૨૫ વર્ષમાં સૌથી ગંભીર સંકટમાં અને મંદીમાં છે. ઈન્કમ ટેક્સને સરકાર માટે મહેસુલી સંશાધનો ઉભા કરવા માટે ઉપયોગી ગણાવામાં આવે છે.આવી સ્થિતીમાં જેટલી કેવા પગલા લે છે તે બાબત ઉપયોગી રહેશે.

## સમાચાર ઝલક

- પૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલના ભાઈ ગજેન્દ્ર પાટીલ હત્યા કેસમાં આરોપી.
- સમય બળવાન છે! રોબર્ટ વાઢેરાએ ગુપચુપ રીતે છ કંપનીઓનો વાવટો સંકેલી લીધો.
- બ્રિટનમાં ભારતીય વિદ્યાર્થીઓ ડિપ્રેશનનો શિકાર બને છે.
- સુસ્મિતા સેન હવે ટેલિવિઝન પર નજરે પડશે.
- સુરત નજીક કામરેજ પાસે બસ-ટેમ્પાનો ગોઝારો અકસ્માત-પાંચના મૃત્યુ.
- પાલનપુરમાં આઈ.ટી.આઈ. એક્ટીવીસ્ટ પર હુમલાં થતાં ચકચાર.
- અંબાજીમાં વરૂણ દેવને મનાવવા માટે ધંધા રોજગાર બંધ રાખી હોમ-હવન-પુજા-અર્ચના કરી.
- અમદાવાદના પશ્ચિમ વિસ્તાર જોધપુર, સેટેલાઈટમાં મિલકત વેરાના વિરોધમાં સ્વયંભૂ બંધ પળાયો.
- અમદાવાદ શેર બજારને તાળાં મારી દેવાય તેવી શકયતા.
- જાપાનમાં ટાયફૂનની ચેતવણી-પાંચ લાખ લોકોને સલામત સ્થળે ખસી જવા સલાહ.
- ડાંગ-નવસારી-વલસાડમાં મેઘ મહેર થતાં લોકોમાં ખુશાલી.
- ભરૂચના ભાજપના નગર સેવકને હત્યાના ગુનામાં આજીવન કેદની સજા થઈ.
- મોંઘીદાટ કારોને સસ્તુ ડિઝલ આપવાનું બંધ કરવા વિચારણા.
- અનિશ્ચિત વરસાદથી સોના-ચાંદીની ગ્રામીણ માંગમાં ફટકો પડશે.
- રાજકોટમાં મા-બાપના ત્રાસથી ત્રણેય બહેનો ભાગી ગઈ.
- સુબ્રતો રોયના પત્ની-પુત્રએ વિદેશમાં નાગરિક્તા મેળવી લીધી.
- ડીગ્રી ઈજનેરીનું ફાઈનલ લીસ્ટ તા. ૧૨મી જુલાઈએ જાહેર થશે.
- રાજકોટમાં નવા નિમાયેલા કમિશનરશ્રી વિજય નેહરાએ વહેલી સવારે પાંચ વાગે રાઉન્ડ લીધો. સ્વીમીંગ પુલ, ક્રિકેટ સ્ટેડીયમ, વોક ગાર્ડનની મુલાકાતથી તંત્ર હરકતમાં આવ્યું.
- વિશ્વનો આલીશાન-સૌથી મોટો મોલ દુબઈમાં બનશે.
- બ્રિટીશ પાર્લામેન્ટમાં મહાત્મા ગાંધીજીનું તૈલ ચિત્ર મુકવાનો નિર્ણય.

# ટેકનોલોજીમાં યુવતીઓ ખૂબ સ્લો છે : અભ્યાસણનું તારણ

લંડન, તા.૯

યુવતીઓ ટેકનોલોજીના મામલામાં સ્લો હોય છે જ્યારે યુવાનો આમા ફાસ્ટ હોય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં આ મુજબનો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. સ્લો હોવાના કારણે ટેકનોલોજીના વિષયમાં યુવતીઓ હંમેશા ઓછો રસ લે છે. નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બીજા વિષયની જેમ ટેકનોલોજીના વિષયમાં યુવતીઓને રસ ઓછો હોય છે. જો કે કામ કરવા માટે જરૂર પડવાની સ્થિતિમાં યુવતીઓ પણ પુરુષની જેમ જ કુશળતાથી કામ કરી શકે છે. લોઆ યુનિવર્સિટીના સંશોધકોએ જણાવ્યું છે કે યુવતીઓ યુવકોની સરખામણીમાં ટેકનોલોજીના વિષયમાં સારા ગુણ લાવી શકતી નથી પરંતુ તેમના ખરાબ પ્રદર્શનનું તેમની બુદ્ધિમાની સાથે કોઈ લેવા દેવા નથી. આની અસર તેમની નોકરી ઉપર પણ પડી રહી નથી. બ્રિટનના જાણીતા અખબારે કહ્યું છે કે યુવતીઓનો આ વિષયમાં રસ ઓછો છે. પરંતુ નોકરી માટે જરૂરી હોવાની સ્થિતિમાં યુવતીઓ આમા પણ કુશળતા મેળવી શકે છે. સંશોધકોએ જણાવ્યું છે કે નોકરીના સ્થળે દેખાવ સંપૂર્ણ રીતે બુદ્ધિમાની ઉપર આધારિત હોય છે. કુશળ લોકો કોઈ પણ નોકરીમાં સતત સારો દેખાવ કરે છે. કારણ કે આ યુવાનો સ્થિતિને સમજવામાં સાવધાન હોય છે. આ અભ્યાસમાં મુખ્ય ભૂમિકા અદા કરનાર પ્રોફેસર ફ્રેન્ક સિમટે જણાવ્યું છે કે વિશેષ પરીક્ષાઓ દ્વારા સરખામણી કરવામાં આવ્યા બાદ પણ કેટલાક યુવાનો સારો દેખાવો કરી શકતા નથી.



જગન્નાથ પુરી ખાતે અષાઢી બીજે નીકળેલ ભગવાન જગન્નાથજીની રથયાત્રા નવ દિવસની પુરીની પરિક્રમા પૂર્ણ કરી મંગળવારે ભગવાન શ્રી જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે નીજ મંદિરમાં પરત ફર્યા હતા. આ પ્રસંગે હજ્જારો ભાવિકોએ ઉમટી પડ્યા હતા.

# હેપ્પી ન્યુ યર પ્રોમો ૧૫મી ઓગષ્ટે લોંચ કરવા તૈયારી

મુંબઈ,તા. ૯

બોલિવુડના સુપરસ્ટાર અભિનેતા શાહરૂખખાનની નવી ફિલ્મ હેપ્પી ન્યુ યર આ વર્ષે ઓક્ટોબરમાં રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મનુ શુટિંગ હવે પુર્ણાહુતિના આરે છે. આ ફિલ્મના પ્રોમોને લઈને પહેલા જ ચર્ચા છે. હેપ્પી ન્યુ યર પ્રોમો ૧૫મી ઓગષ્ટે જારી કરવામાં આવે તેવી શક્યતા છે. ફરાહ ખાન અને શાહરૂખ બન્ને આગાઉ ફણ કેટલીક હિટ ફિલ્મો આપી ચુક્યા છે. જેમાં મે હુ ના અને ઓમ શાંતિ ઓમનો સમાવેશ થાય છે. મોટા ભાગે શાહરૂખની ફિલ્મો દિવાળી પર રજૂ કરવામાં આવે છે. એવુ જાણવા મળ્યું છે કે ફિલ્મના નિર્માતા પ્રોમો ૧૫મી ઓગષ્ટે ।જારી કરીને લોકોને આકર્ષિત કરવા માંગે છે. જો કે ફિલ્મના કેટલાક પોસ્ટર જારી કરવામાં આવ્યા છે. ફિલ્મમાં અભિષેક બચ્ચનની પણ ભૂમિકા છે. પોસ્ટરમાં દિપિકા, સોનુ સુદ અને બોમન ઈરાની પણ નજરે પડે છે. આ ફિલ્મ શાહરૂખ માટે મહત્વપૂર્ણ



છે. કારણ કે તેના હરિફ અભિનેતા આમીરખાન અને સલમાને એક પછી એક સુપરહિટ હિટ ફિલ્મો આપી છે. તેમની લોકપ્રિયતા શાહરૂખ કરતા વધારે દેખાઈ રહી છે. હવે શાહરૂખ પાસે પણ તક છે. સલમાનની કિક ફિલ્મ ટુંક સમયમાં રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મમાં દિલધડક સ્ટન્ટ રાખવામાં આવ્યા છે. આવી જ રીતે આમીરખાને ધુમમાં અસામાન્ય સ્ટન્ટ કરીને તમામ લોકોને ચોંકાવી દીદા હતા. ઓગષ્ટ મહિનામાં પ્રોમો લોંચ કરવામાં આવ્યા બાદ તેને કેવો પ્રતિસાદ મળે છે તે બાબત પર નજર રહેશે. શાહરૂખન છેલ્લે ચેન્નાઈ એક્સપ્રેસ રજૂ કરાઈ હતી. જે બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. રોહિત શેટ્ટીની આ ફિલ્મમાં પણ દિપિકા હતી.

રોહિત શેટ્ટી પોતે પણ શાહરૂખને લઈને બીજી ફિલ્મ બનાવવા માટે તૈયાર છે જો કે રોહિત હાલમાં સિંઘમ-૨માં વ્યસ્ત છે. જેમાં અજય દેવગનની મુખ્ય ભૂમિકા છે.

## અનાજ ઉત્પાદન રેકોર્ડ સપાટીએ રહેવાનો મત

નવી દિલ્હી,તા.૯

આર્થિક સર્વેઆજે રજૂ કરવામાં આવ્યો હતો જેમાં ઘણી બધી બાબતોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૧૩-૧૪માં ૨૬૪ મિલિયન ટનથી વધુ અનાજ ઉત્પાદ થવાનો અંદાજ છે જે છેલ્લા પાંચ વર્ષમાં ૨૦ મિલિયન ટનનો વધારો છે. કૃષિ અને સંબંધિત સેક્ટરોમાં ત્રણ ટકાની આસપાસના સરેરાશની સરખામણીમાં ૨૦૧૩-૧૪માં ૪.૭ ટકાનો ગ્રોથ રેટ રહેવાની શક્યતા છે. વર્ષ ૨૦૧૩-૧૪માં અનાજ ઉત્પાદન અગાઉના પાંચ વર્ષ દરમિયાન સરેરાશ કરતા ૨૦ મિલિયન ટન વધારે રહેશે. હોર્ટિકલ્ચર ઉત્પાદન ૨૦૧૨-૧૩માં ૨૬૫ મિલિયન ટન રહી શકે છે. પ્રથમ વખત અનાજ અને તેલિબિયાના ઉત્પાદનમાં વધારો છે.

## બ્રાઝિલના ફુટબોલ ચાહકો હાર બાદ આઘાતમાં ડુબ્યા

બેલોહોરિજોન્ટે,તા. ૯

ફીફા વર્લ્ડ કપમાં ફુટબોલના માસ્ટર ગણાતા બ્રાઝિલની સેમીફાઈનલમાં જર્મની સામે હજુ સુધીની તેની સૌથી કારમી ।હાર થયા બાદ લાખો બ્રાઝિલિયન ફુટબોલ ચાહકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યું હતુ. તેની હાર ગોલના વરસાદ



વચ્ચે નિશ્ચિત બની ગયા બાદ મેદાન પર જ મોટી સંખ્યામાં રડતા નજરે પડ્યા હતા. તેમને આવી અપેક્ષા ન હતી કે જર્મનીના તોફાન સામે તેની કારમી હાર થશે. બ્રાઝિલમાં આઘાતનુ મોજુ હવે એકબે દિવસ રહે તેવી શક્યતા છે. બ્રાઝિલિયન ચાહકો તેની હારને પચાવી શકવાની સ્થિતીમાં દેખાઈ રહ્યા નથી. આ હારની સાથે જ બ્રાઝિલના વિશ્વ કપ પડકારનો આવ્યો હતો. ચેમ્પિયન બ્રાઝિલે છેલ્લે વર્ષ ૨૦૦૨માં ચેમ્પિયનશીપ જીતી હતી. પરંતુ ત્યારબાદ તે સેમી ફાઈનલમાં પણ પહોંચી શક્યું ન હતુ.

છઠ્ઠી વખત વર્લ્ડ કપ જીતવા માટેના તેના સ્વપ્ન પર પાણી ફરી વળ્યું હતુ.બ્રાઝિલમાં બીજી વખત વિશ્વ કપ ફુટબોલનુ આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૧૯૫૦માં પણ બ્રાઝિલમાં વિશ્વ કપનુ આયોજન કરવામાં આવ્યું હતુ.જો કે તેના પડકારનો અંત આવતા હવે ક્રેઝ ઘટે તેવી શક્યતા દેખાઈ રહી છે. ચાહકો ભારે નિરાશ છે.